Paper Code - 3542

B.A. Semester-III (Psychology)
July-September-2021
CC 305 SYSTEMS IN PSYCHOLOGY - I

કુલ સમય :– ૬૦ મીનીટ **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.

(1) મનોવિજ્ઞાનની આધુનિક શાખા ઓળખાવો.
(A) સલાહ મનોવિજ્ઞાન (B) સામાન્ય મનોવિજ્ઞાન (C) અસાધારણ મનોવિજ્ઞાન (D) પર્યાવરણ મનોવિજ્ઞાન

(2) સોક્રેટીસ ઈ.સ.ની કઈ સદીમાં થઇ ગયા?
(A) ચોથી (B) ત્રીજી (C) પાંચમી (D) છઠ્ઠી

(3) કોને ગ્રીસના છેલ્લા ખ્યાતનામ વિચારક કહી શકાય?
(A) સોક્રેટીસ (B) પ્લેટો (C) એરીસ્ટોટલ (D) પાયથાગોરસ

(4) મનોવિજ્ઞાનની સૌપ્રથમ પ્રયોગશાળાની સ્થાપના ક્યારે અને ક્યાં થઇ?
(A) ૧૮૭૯, લિપઝીગ (B) ૧૯૭૯, શિકાગો (C) ૧૬૭૯. રશિયા (D) ૧૭૭૯, યુરોપ

(5) સંપ્રદાયને અંગ્રેજીમાં શું કહે છે?
(A) School (B) College (C) Theory (D) University

(6) મનોવિજ્ઞાન વિજ્ઞાન બન્યું એ પહેલા કયા શાસ્ત્રનો ભાગ હતું?
(A) દર્શનશાસ્ત્ર_ (B) સમાજશાસ્ત્ર (C) રસાયણશાસ્ત્ર (D) જૈવશાસ્ત્ર

(7) મન અને શરીરની આંતરક્રિયાના દેકાર્તે આપેલા સિદ્ધાંતે ક્યા ખ્યાલને વેગ આપ્યો?
(A) મનોભૌતિક સમાંતરવાદ (B) મનો-સામાજિક સમાંતરવાદ
(C) મનો-ચિકિત્સામક સમાંતરવાદ (D) મનો-જૈવીય સમાંતરવાદ

(8) ખ્યાલો વચ્ચેના સાહચર્ય માટે વિરોધ, સામ્ય અને સમયના નિયમોની હિમાયત કોણે કરી?
(A) પ્લેટો (B) એરીસ્ટોટલ (C) પાયથાગોરસ (D) સોક્રેટીસ

(9) રચનાવાદે કરેલ પ્રત્યક્ષીકરણની ઉપેક્ષા સામે બળવા તરીકે કયો સંપ્રદાય જન્મ્યો?
(A) સાહચર્યવાદ (B) હેતુવાદ (C) કાર્યવાદ (D) સમષ્ટિવાદ

(10) નીચેનામાંથી કોણ બ્રિટિશ અનુભવવાદી નથી?
(A) હ્યુમ (B) બર્કલે (C) ડ્યુઈ (D) લૉક

(11) ક્યા ફ્રેંચ તત્વજ્ઞાનીએ મનોવિજ્ઞાનને ધાર્મિક વિચારણામાંથી મુક્ત કરીને તર્ક અને વિચારણાના બૌદ્ધિક પાયા પર ખડું કર્યું?
(A) એરિસ્ટોટલ (B) વુન્ટ (C) ડ્યુઈ (D) દેકાર્ત

(12) સૃષ્ટિનું સ્વરૂપ ઘટકો પર આધારિત નથી, પણ તેના સંયોજન આધારિત છે – આવું કોણે કહ્યું?
(A) પાયથાગોરસ (B) હીરાક્લેટ્સ (C) પ્લેટો (D) એનેક્સાગોરસ

(13) કોણ એવું માણતું હતું કે સૃષ્ટિના સ્વરૂપને પરિમાણાત્મક રીતે દર્શાવી શકાય છે?
(A) સૉક્રેટિસ (B) પ્લેટો (C) પાયથાગોરસ (D) એનેક્સાગોરસ

(14) 'Contemporary Schools of Psychology' નામનું કોનું પુસ્તક એક પ્રમાણિત ગ્રંથ ગણાય છે?
(A) ફ્રોઈડ (B) વુડવર્થ (C) મેસ્લો (D) રોજર્સ

(15) 'Psychology' નામનું પુસ્તક 1925 માં કોણે લખ્યું?
(A) વુન્ટ (B) ડ્યુઈ (C) ટીચનર (D) હાર્વે કાર

(16) કાર્યવાદના સિદ્ધાંતો પ્રથમવાર વ્યવસ્થિત રીતે કોણે રજૂ કર્યા?
(A) જેમ્સ એંજેલ (B) ડ્યુઈ (C) ટીચનર (D) હાર્વે કાર

(17) કયો વાદ 'functionalism' તરીકે ઓળખાય છે?
(A) સાહચર્યવાદ (B) કાર્યવાદ (C) મનોવિશ્લેષણવાદ (D) રચનાવાદ

(18) 'A Textbook of Psychology' પુસ્તક કોણે લખ્યું?
(A) ટીચનર (B) વુન્ટ (C) ડ્યુઈ (D) હાર્વે કાર

(19) કયો વાદ 'structuralism' તરીકે ઓળખાય છે?
(A) રચનાવાદ (B) કાર્યવાદ (C) હેતુવાદ (D) સાહચર્યવાદ

(20) શરૂઆતમાં મનોવિજ્ઞાનમાં કઈ પદ્ધતિ આદર્શ ગણાતી હતી?
(A) નિરીક્ષણ (B) પ્રયોગ (C) આંતરનિરીક્ષણ (D) મુલાકાત

(21) 'Outline of Psychology' કોણે લખ્યું?
(A) ટીચનર (B) વુન્ટ (C) ડ્યુઈ (D) હાર્વે કાર

(22) ડ્યુઈએ ક્યાં પુસ્તકમાં તેમના કાર્યવાદી મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો રજૂ કર્યા?
(A) How We Think (B) A Textbook of Psychology (C) Human Nature and Conduct (D) A અને C બંનેમાં

(23) તત્વજ્ઞાની તરીકે કોનું નામ જાણીતું છે?
(A) વુન્ટ (B) ટીચનર (C) જેમ્સ એન્જેલ (D) ડ્યુઈ

(24) કાર્યવાદી ઓળખાવો.
(A) વુન્ટ (B) ટીચનર (C) જેમ્સ એન્જેલ (D) વોટસન

(25) 'A Textbook of Psychology' પુસ્તક કોણે લખ્યું?

(A) ટીચનર (B) વુન્ટ (C) ડયુઈ (D) હાર્વે કાર

(26) થોર્નડાઈકે આપેલા ત્રણ અધ્યયનના નિયમોમાં કયો નથી?

(A) તત્પરતાનો (B) મહાવરાનો (C) અસરનો (D) ધ્યાનનો

(27) જર્મનીનો પ્રસિદ્ધ તત્વચિંતક, મનોવૈજ્ઞાનિક અને શિક્ષણકાર કોણ હતો?

(A) વુન્ટ (B) હર્બાર્ટ સ્પેન્સર (C) ટીચનર (D) વોટસન

(28) સાહચર્યના ક્ષેત્રમાં સૌપ્રથમ પ્રાયોગિક સંશોધન કયા મનોવૈજ્ઞાનિકનું હતું?

(A) એબિંગહોસ (B) ફ્રોઈડ (C) યુંગ (D) કેન્ટ

(29) 'Essay Concerning Human Understanding' ગ્રંથ જોન લોકે ક્યારે લખ્યો?

(A) 1980 (B) 1890 (C) 1990 (D) 1880

(30) મનમાં રહેલા વિચારો વચ્ચે આકર્ષણનું જે બળ પ્રવર્તે છે, તે જ સાહચર્ય છે – એવું કોણ માણતું હતું?

(A) ડેવિડ હ્યુમ (B) મોર્ગન (C) બર્કલે (D) લોક

(31) લોબ્ઝે કયો ગ્રંથ લખ્યો?

(A) મેરેથોન (B) લેવીયાથન (C) સેરેથોન (D) હેક્ટાથોન

(32) જૂનો સાહચર્યવાદી કોણ છે?

(A) પાવલોવ (B) વુડવર્થ (C) જેઈમ્સ મિલ (D) થોર્નડાઇક

(33) 'સ્મૃતિ' વિષે નિબંધ કોણે લખેલો?

(A) એરીસ્ટોટલ (B) થોમસ હોબ્ઝ (C) જ્હોન લોક (D) એબીંગહોસ

(34) ગમતું ગીત હજારો વખત ગવાય અને તમને આવડી જાય છે, તેમાં કયો નિયમ કામ કરે છે?

(A) તત્પરતાનો (B) મહાવરાનો (C) અસરનો (D) ધ્યાનનો

(35) પાવલોવના સિદ્ધાંતમાં ખોરાક એ કયું ઉદ્દીપક છે?

(A) અભિસંધિત ઉદ્દીપક (B) અભિસંધિત પ્રતિક્રિયા (C) અનભિસંધિત ઉદ્દીપક (D) અનભિસંધિત પ્રતિક્રિયા

(36) થોર્નડાઈકે તેનો સુધારેલો સિદ્ધાંત ક્યારે રજૂ કર્યો?

(A) 1932 (B) 1830 (C) 1832 (D) 1930

(37) બિલાડી પર કોણે પ્રયોગો કર્યા?

(A) થોર્નડાઈક (B) સ્કીનર (C) કોહલર (D) પાવલોવ

(38) સાહચર્યવાદની રૂઢિગત વિચારણામાં ત્રણ નવા તત્વો કોણે ઉમેર્યા?

(A) મોર્ગન (B) એલેક્ઝાન્ડર બેઇન (C) સ્પેન્સર (D) ડેવિડ હ્યુમ

(39) ઈ.સ.૧૯૨૫ માં વોટસને ક્યા પુસ્તકમાં તેના વર્તનવાદી વિચારો રજૂ કર્યા?

(A) Perposeivism (B) Behaviourism (C) Associationism (D) Strucuralism

(40) વર્તનવાદના પ્રણેતા કોણ છે?

(A) વોટસન (B) ફ્રોઈડ (C) વિલિયમ જેમ્સ (D) સી.ટી.મોર્ગન

(41) મનોવૈજ્ઞાનિક ભાષાશાસ્ત્રએ આજે જે પ્રગતિ કરી છે તે કોની દેણ છે?

(A) આલ્બર્ટ વીસ (B) હંટર (C) લેશ્લે (D) હોલ્ટ

(42) લેશ્લે કોનો શિષ્ય હતો?

(A) ફ્રોઈડ (B) વોટસન (C) વિલિયમ જેમ્સ (D) ડ્યુઈએ

(43) કોનું મુખ્ય પ્રદાન શાબ્દિક અભિસંધાન ક્ષેત્રે હતું?

(A) હોલ્ટ (B) હંટર (C) લેશ્લે (D) આલ્બર્ટ વીસ

(44) મનોવિજ્ઞાનને ભૌતિક વિજ્ઞાનોથી અલગ પાડે એવા ભ્રામક ખ્યાલો મનોવિજ્ઞાને ત્યજી દેવા જોઇએ – એવું કોણે કહ્યું?

(A) આલ્બર્ટ વીસ (B) હંટર (C) લેશ્લે (D) હોલ્ટ

(45) વોટ્સને મનોવિજ્ઞાનમાં ડોક્ટરેટની પદવી ક્યારે મેળવી હતી?

(A) 1905 (B) 1903 (C) 1805 (D) 1803

(46) ઇન્દ્રિયવેદન એટલે –

(A) આવેગ (B) લાગણી (C) પ્રેરણા (D) સંવેદન

(47) 'સામૂહિક કાર્ય' અને 'સમાન શક્તિ' ના સિદ્ધાંતો કોણે આપ્યા?

(A) વોટસને (B) ફ્રોઈડે (C) વિલિયમ જેમ્સે (D) લેશ્લેએ

(48) મેક્ડૂગલના પ્રયોજનવાદ અને મૂળવૃત્તિના સિદ્ધાંતોનો કોણે વિરોધ કર્યો છે?

(A) ફ્રોઈડે (B) વિલિયમ જેમ્સે (C) વોટસને (D) ડ્યુઈએ

(49) વોલ્ટર હન્ટરનો પ્રધાન રસ શેમાં હતો?

(A) આવેગમાં (B) પ્રેરણામાં (C) પ્રાણી અને માનવવર્તનમાં (D) સમાજમાં

(50) ૧૯૦૪ માં સેન્ટ લૂઈમાં વિશ્વમેળામાં પ્રવચન વખતે કોણે કહ્યું કે, મનોવિજ્ઞાનનું ક્ષેત્ર ફક્ત ચેતન અવસ્થા પૂરતું જ મર્યાદિત ન હોવું જોઇએ?

(A) જેમ્સ કેટલે (B) વોટસને (C) વિલિયમ જેમ્સે (D) સેલિગમાને